## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**એકાદ અઠવાડીયામાં ભારેથી અતી ભારે વરસાદ થાય. નહીં તો મધ્યમથી સાધારણ પણ પડે... અથવા તો છુટાછવાયા ઝાપટા પડે કે... વાદળછાયું વાતાવરણ રહે, અને જો તેમ પણ ન થાય તો ગરમીમાં વધારો તો ચોક્કસ થશે...!!**

# ગાંધીનગરની ચોતરફ સ્વ-જોખમે પાર્કિંગ કરતા વાહનચાલકો

## શહેરનો વિકાસ અપડાઉન કરતાં લોકો માટે મૃગજળ, ઓવરબ્રિજ, અંડરબ્રિજ જેવી સુવિધા પરંતુ યોગ્ય પાર્કિંગ વ્યવસ્થા પ્રત્યે નેતાઓ આંધળા

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરનો ફેલાવો કુદકે ને ભુસકે વધી રહ્યો છે. જેમાં તાજેતરમાં જ ગાંધીનગર આજુબાજુના ગામોને શહેરી વિસ્તારમાં સમાવેશ કરી દેવામાં આવ્યો છે. શહેરની ચોતરફ રહેતા રહીશો શહેરની બહાર ધંધો, નોકરી કે વ્યવસાય સંદર્ભે નિયમિત આવન-જાવન કરે છે જેમાં પોતાનું વાહન શહેરના છેવાડે આવેલા બસસ્ટોપ નજીક સ્વ-જોખમે ખુલ્લામાં પાર્ક કરી જતાં હોય છે. યોગ્ય પાર્કિંગ વ્યવસ્થાના અભાવે વાહનચાલકો ઘણા સમયથી આ રીતે પોતાના વાહનને ખુલ્લામાં છોડી ભગવાન ભરોસે પોતાની આજીવિકા માટે નિકળી જતા હોય છે.



ગાંધીનગરના છેવાડા જેવા કે ૩૦ સર્કલ, સરગાસણ સર્કલ, રક્ષાશક્તિ સર્કલ, ટાટા ચોકડી, ઈન્દ્રોડા સર્કલ સહિત અનેક ઠેકાણે દૈનિક અપડાઉન કરતાં વાહનચાલકોના વાહનો મોટી સંખ્યામાં દશ્યમાન થઈ રહ્યા છે. અનેક ક્ષેત્રે હરણફાળ ભરી શહેરના વિકાસમાં વધારો થયો છે પરંતુ અમુક સુવિધાના અભાવે રહીશો માટે આ વિકાસ મૃગજળ સમાન બની જાય છે. શહેરમાં ઓવરબ્રિજ, અંડરબ્રિજ જેવી સુવિધા માટે દાખવવામાં આવતી તત્પરતા જો પાર્કિંગ વ્યવસ્થા માટે રાખવામાં આવે તો અસંખ્ય લોકોને મોટો ફાયદો થાય તેમ છે.

અમદાવાદ સહિત વિવિધ શહેરોમાં નોકરી, ધંધા કે વ્યવસાય કરતાં શહેરીજનો નગરના છેવાડા સુધી પોતાનુ વાહન લઈ જાય છે અને ત્યાંથી બસ કે અન્ય વાહનનો ઉપયોગ કરે છે. ત્યારે વર્ષો જુની આ વ્યવસ્થા પ્રત્યે નેતાઓના આંખ આડા કાન હાલ તો નગરજનોને હાલાકી વેઠવા મજબૂર બનાવી રહ્યા છે. તાજેતરમાં જ ઓવરબ્રિજનું લોકાર્પણ થયુ છે સાથો સાથ નવા બ્રિજ માટે ખાતમુહૂર્ત કરાયા છે તો મેટ્રો ટ્રેન માટે કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે તે સિવાય પણ શહેરમાં અનેક વિકાસલક્ષી કાર્યો હાથ ધરાયા છે જેમાં પાર્કિંગની સમસ્યાનો છેદ જ ઉડાડી દેવાયો છે જેથી વાહનચાલકોમાં ભારે આક્રોશ ફેલાયો છે. ફાઈવસ્ટાર હોટલની સુવિધા ઉભી થતી હોય તો નગરના સામાન્ય લોકો માટે પાર્કિંગ જેવી સુવિધા ઉભી કરકવા તંત્ર ઉણું ઉતરી રહ્યું છે. શહેરના તમામ છેવાડે પે પાર્કિંગ ઉભુ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે અન્યથા વાહનચોરી જેવી જેવી ઘટના માટે તંત્ર જ જવાબદાર ગણાશે તેવી હૈયાવરાળ વાહનચાલકો ઠાલવી રહ્યા છે.

## ખૂણેખાંચરેથી

● જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યના અધ્યક્ષસ્થાને આજે લેન્ડ ગ્રેબીંગ એક્ટની જિલ્લાકક્ષાની બેઠક મળી હતી જેમાં ૯ જેટલી અરજીઓ પર પરામર્સ કરવામાં આવ્યો હતો.

● રાજ્યના મુખ્ય સચિવે આજે વેક્સિનેશન અને વરસાદની સ્થિતિ તેમજ મહત્વના પ્રોજેક્ટોને લઈ જિલ્લાઓના અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ યોજી હતી.

● ગાંધીનગર મહાનગરપાલિકાના નવા ડે. મ્યુનિ. કમિશનર સુશ્રી પૂજાબેન બાવડા ૩૧મી ઓગષ્ટ સુધી રજા પર ગયા છે.

● ગાંધીનગર જિલ્લા આરોગ્યતંત્રમાં મેલેરિયા અધિકારીની ખાલી જગ્યાનો હવાલો ઉનાવા પ્રા.આ. કેન્દ્રના મેડીકલ ઓફિસર મુકેશભાઈ પટેલને આપવામાં આવ્યો છે તેમણે આજે ચાર્જ પણ સંભાળી લીધો છે.

● ગાંધીનગર મનપાની ચૂંટણીઓ સપ્ટેમ્બરમાં યોજી શકાય કે કેમ તેને લઈ ધીમી ગતિએ કવાયત તંત્ર દ્વારા હાથ ધરવામાં આવતાં રાજકીય અટકળોએ આજે વેગ પકડ્યો હતો.

● જિલ્લામાં આગામી ૪ દિવસમાં છુટા છવાયા સ્થાનો પર હળવાથી મધ્યમ વરસાદ થવાનુ પૂર્વાનુમાન દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાન પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનમાં કરવામાં આવ્યુ છે.

● નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે માણસા તાલુકાના દેલવાડથી બિલોદરાને જોડતા માર્ગ માટે રૂ. ૨ કરોડ તેમજ ગાંધીનગર તાલુકાના જાખોરા ગામે જોગણીમાતાના મંદિરથી ડેરિયાનો રસ્તો બનાવવા રૂ. ૭૮ લાખના ખર્ચને મંજૂરી આપી છે.

● ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિની વિસ્તૃત કારોબારી બેઠક આજે પ્રદેશ નીરીક્ષકોની હાજરીમાં મળશે તેમ શહેર પ્રમુખ પ્રદીપસિંહ વાઘેલાએ જણાવ્યુ છે. આ કારોબારી બેઠક માટે ડ્રેસકોડ પણ નિયત કરવામાં આવ્યો છે. દરેક સભ્યએ સફેદ વસ્ત્ર ધારણ કરવાના રહેશે.

# રિલાયન્સ ચોકડી પાસેથી ચોરીના એકિટવા સાથે યુવક ઝડપાયો

ગાંધીનગર, તા. ૧૮

સરગાસણ ચોકડી પાસે આવેલા ટેન્જેન્ટ કોમ્પ્લેક્ષના પાર્કિંગમાંથી દોઢ માસ અગાઉ ચોરી થયેલા એકટીવા સાથે એક શખ્સને રીલાયન્સ ચોકડી પાસેથી એલસીબી-૧ પોલીસે પકડી પાડ્યો છે. પોલીસે એકટીવા કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.



સુત્રોદ્વારા મળતી વિગત મુજબ એલસીબી પીએસઆઈ એ.જી.એનુરકાર તેમજ ટીમના સભ્યો પેટ્રોલીંગમાં હતા તે સમયે સાથે રહેલા ધિરેન્દ્રસિંહ ને બાતમી મળી હતી કે ઈન્દ્રોડા ગામે રહેતા અશોકજી ભવાનજી મકવાણા ચોરીનું નંબર વિનાનું એકટીવા લઈને ફરે છે. હાલ તે રીલાયન્સ ચોકડી પાસે સરગાસણ ચોકડી તરફ જવાના માર્ગ પર ચોરીનું નંબર વિનાનું એકટીવા લઈને ઉભો છે. જેથી એલસીબી પોલીસની ટીમે બાતમીવાળી જગ્યા પરથી નંબર વિનાના એકટીવા લઈ ઉભા રહેલા અશોકજી મકવાણા (ઉં.૨૯ રહે.બ્રાહ્મણ વાસ ઈન્દ્રોડા ગામ) ને પકડી પાડ્યો હતો. પોલીસે આ શખ્સ પાસે એકટીવાના આધાર પુરાવા માંગતા તેની પાસે નહી હોવાનું જણાવ્યું હતું. પોલીસે ઉંડાણપૂર્વક તપાસ કરતા તેણે દોઢ માસ અગાઉ ટુ વ્હીલરની જરુરીયાત હોવાથી સરગાસણ પ્રમુખ ટેન્જેન્ટના પાર્કિંગમાંથી એકટીવાની ચોરી કરી હતી અને નંબર પ્લેટ કાઢી ફેંકી દીધી હતી. એકટીવા ચોરી અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ગુનો નોંધાયેલ હતો. જયારે પોલીસે રૂ.૨૦ હજારનું એકટીવા કબ્જે કરી આરોપી સામે આગળની તપાસ હાથ ધરી છે.

# અંબોડ મહાકાળી માતાજી મંદિરમાં ચોરી કરનાર શખ્સો ઝડપાયા

## ઈકો ગાડી લઈ મંદિરમાં ચોરી કરતી ટોળકીને એલસીબી-૨ એ પકડી પાડી : વધુ પાંચ મંદિર ચોરીનો ભેદ ઉકેલાયો, પોલીસે રૂ.૨ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો

ગાંધીનગર, તા.૧૮

રાત્રીના અંધારામાં ઈકો ગાડી લઈ ગાંધીનગર, મહેસાણા અને પાટણ જિલ્લાના મંદિરમાં ત્રાટકી ચોરી કરીને હાહાકાર મચાવનાર ટોળકીના ચાર સભ્યોને એલસીબી-૨ પોલીસે પૂર્વ બાતમીને પગલે પકડી પાડ્યા છે. મીની પાવાગઢ તરીકે પ્રખ્યાત અંબોડ મહાકાળી મંદિરમાં થયેલી ચોરી સહિત અન્ય પાંચ મંદિરમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો છે. પોલીસે આરોપીઓ પાસેથી રૂ.૨ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર એલસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમના પીએસઆઈ એસ.પી.જાડેજા તેમજ પી.ડી.વાઘેલાને વિવિધ ટીમો બનાવી કામગીરી માટે સુચના આપી હતી. તે દરમિયાન કોન્સ્ટેબલ સુરેન્દ્રસિંહ અને નરેશ કુમારને બાતમી મળી હતી કે એક મારૂતિ ઈકો ગાડી નં. જી.જે.૦૮.બી.એસ.૬૭૯૪ ચાર શખ્સો ચોરીના ઈરાદે રેકી કરતા હોય છે અને શંકાસ્પદ હાલતમાં ઈકો ગાડી લઈને માણસા વિસ્તારમાં ફરે છે.જેથી પોલીસે માણસા વિસ્તારમાં વોચ ગોઠવીને બાતમીવાળી ગાડી આવતા તેમાં બેઠેલા ચાર શખ્સોને પોલીસે પકડી પાડ્યા હતા. ચાર શખ્સોને પોલીસે કચેરી ખાતે લાવી પુછતાછ કરતા તેઓ તમામ ભાંગી પડ્યા હતા અને જણાવ્યું હતું કે ગત તા.૧ ઓગસ્ટના રોજ રાત્રીના સમયે અંબોડ મીની પાવાગઢ તરીકે પ્રખ્યાત મહાકાળી માતાજીના બંન્ને મંદિરમાં ચોરી કરી નાસી છુટ્યા હતા. જે અંગે માણસા પોલીસ મથકે ગુનો નોંધાયો હતો. જયારે આરોપીઓએ આ મંદિર ચોરી સાથે બીજા પાંચ મંદિરમાં ચોરીની કબુલાત કરી છે. જેમાં ડીસા થી પાટણ તરફ પાટણ થી ૧૦ કિમી પહેલા મંદિરમાં ચોરી, ડીસા - પાટણ માર્ગ પર પાટણ પહેલા મંદિરમાં ચોરી, દાંતીવાડા ડેમ પાસે મંદિરમાં ચોરી, ખેરાલુ પાસે કોઈ ગામમાં મંદિરમાં ચોરી અને અડાલજ-મહેસાણા માર્ગ પર ટોલટેક્ષ પાસે કોઈ ગામમાં મંદિરમાં ચોરીનો સમાવેશ થાય છે. આ ટોળકીનો મુખ્ય સુત્રધાર ભોપાલ નટ વિવિધ મંદિરમાં દર્શન કરવાના બહાને પ્રવેશ મેળવી રેકી કરી રાત્રીના સમયે ટોળકીના અન્ય સભ્યો સાથે મંદિરમાં ચોરી કરતા હતા.

### પકડાયેલ આરોપીઓના નામ

- મુનિર એહમદ ગુલામ એહમદ શેખ (ઉં.૩૩, રહે. ઈન્દીરા કોલોની અંબાજી પોલીસ સ્ટેશનની પાછળ અંબાજી, મુળ રહે. પોશીના તા.ખેડબ્રહ્મા)
- રાજાભાઈ નાનાભાઈ ખરાડી (ઉં.૨૯ રહે.જેતવાસગામ તા.દાંતા)
- સાનું કિશોરભાઈ નટ (ઉં.૨૧, રહે.કુંભારીયા અંબાજી પોલીસ લાઈન પાછળ અંબાજી તા.દાંતા જી.બનાસકાંઠા)
- વિષ્ણુ કિશોરભાઈ નટ (ઉં.૧૯, રહે, કુંભારીયા અંબાજી પોલીસલાઈન પાછળ અંબાજી તા.દાંતા જી.બનાસકાંઠા)

### આરોપીઓ પાસેથી મુદ્દામાલ કબ્જે કર્યો

- અંબોડ મહાકાળી માતાજીના મંદિરની મૂર્તિના શણગાર માટેનો મુગટ
- મંદિરના ગર્ભ ગૃહમાં મુકેલી ત્રણ મેલડી માતાજીની મૂર્તિ
- માતાજીના શણગાર માટે વપરાતો ગળોનો હાર
- બે મોબાઈલ ફોન
- ચોરીમાં ઉપયોગમાં લેવાયેલી ઈકો કાર
- પોલીસે કુલ રૂ.૨,૦૫,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કરાયો છે.



# સિવિલમાં ઈકો વિભાગમાં ડૉકટર મોડા આવતા દર્દીઓ પરેશાન

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં આવેલા ઈકો વિભાગના ડૉક્ટર નહીં આવતાં ૩૦ જેટલા દર્દીઓમાં ભારે હાલાકી સર્જાઈ હતી. જેમાં ઑક્સિજન બોટલ સાથે આવેલા અડધો ડઝન જેટલા દર્દીઓને બે બે કલાક રાહ જોઈ પાછાં ફરવું પડયું હતું. આમછતાં કોઈ રજૂઆત કે પૂછપરછની પણ વ્યવસ્થા નહીં હોવા સાથે ઈકો ટેસ્ટ કરનાર ડૉક્ટર અમદાવાદની યુ. એન. મહેતા હોસ્પિટલમાંથી આવતા હોવાનો લૂલો બચાવ કરવામાં આવતો હતો.

ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં નવી બિલ્ડીગનાં ત્રીજા માળે આવેલા આઈસીયુ વિભાગમાં ઈકો રૂમ આવેલો છે. છેલ્લાં બે વર્ષથી સ્ટોર રૂમમાં ચાલતા આ ઈકો રૂમમાં દર બુધવાર અને શુક્રવારે બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન દર્દીઓના ટેસ્ટ કરી આપવામાં આવે છે. જેમાં આજે ૩૦ જેટલા દર્દીઓ બપોરે બે અઢી વાગ્યાથી આવ્યા હતા. પરંતુ કોઈ ડૉક્ટર સાંજે ૫ વાગ્યા સુધીમાં આવ્યા નહોતા. પરિણામે ઑક્સિજન બોટલ સહિત વ્હીલ ચેરમાં આવેલા અડધો ડઝન જેટલા દર્દીઓ સહિત અન્ય ઉમરલાયક દર્દીઓ ભારે હાલાકીમાં મુકાયા હતા. જેમાં બે બે કલાક સુધી રાહ જોયા બાદ દર્દીઓને ઑક્સિજન ખલાસ થવા આવે તે પહેલાં વોર્ડમાં પાછા લઈ જવા પડ્યા હતા.

આ સમસ્યા અંગે દર્દીઓની સાથે આવેલા રેસીડન્ટ ડૉક્ટર, નર્સ તેમજ અન્ય દર્દીઓએ પૂછપરછ કરતાં રજૂઆત માટે કોઈ જ વ્યવસ્થા પણ નહોતી. જ્યારે ઈકો ટેસ્ટ કરનાર ડૉક્ટર અમદાવાદની યુ. એન. મહેતા હોસ્પિટલમાંથી આવતા હોવાનો લૂલો બચાવ કરવામાં આવતા દર્દીઓમાં રોષ વ્યાપ્યો હતો. આ પછી સાંજે ૫ વાગ્યા બાદ ઈમરજન્સીમાં એક ડૉક્ટર આવતા ઈકો ટેસ્ટ શરૂ કરવામાં આવ્યા હતા.

# શહેરના દલાલે મોંઘીદાટ ગાડીઓ ભાડે રાખી વેપારીને લાખો રૂપિયાનો ચૂનો ચોપડ્યો

## વેપારીને ગાડીઓ પરત પણ ન આપી અને ગાડીઓનું ભાડું પણ ન ચુકવતા પોલીસ ફરીયાદ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરમાં સેકન્ડ હેન્ડ કાર લે-વેચનો વેપાર પુરબહારમાં ચાલે છે. ગાંધીનગરના પાર્સિંગની ગાડીઓ લેવા અન્ય જિલ્લાના નાગરીકો દોટ મુકે છે. ત્યારે શહેરમાં ગાડી લે-વેચનો વેપાર કરતા દલાલે અન્ય વેપારી પાસેથી મોંઘીદાટ ગાડીઓ ભાડે રાખીને રૂ.૮૦ લાખનું ફુલેકુ ફેરવતા દલાલ સામે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ન્યું ગાંધીનગર સરગાસણ સાર્થક એરા ફલેટ ખાતે રહેતા હરેશભાઈ નરસંગભાઈ ચૌધરી કુડાસણ ખાતે અર્બુદા સેલ્સ નામથી કાર ખરીદીને વેચાણ કરે છે. તે ઉપરાંત કાર પણ ભાડે આપે છે. આઠ વર્ષ અગાઉ તેમનો સંપર્ક ડી.એસ.મોટર્સ નામે ગાડીઓની દલાલી કરતા અને સેકટર-૪ ખાતે રહેતા મિલનરાજસિંહ સુરેશકુમાર ચૌહાણ સાથે થઈ હતી. કાર-લે વેચનો વેપાર કરતા હોવાથી કયારેક કયારેક મળવાનું થયું હોવાથી મિલનરાજે પોતાની કળાથી હરેશભાઈનો વિશ્વાસ જીતી લીધો હતો. જયારે ૧૦ માર્ચ ૨૦૨૦થી મિલનરાજસિંહે હરેશભાઈ પાસેથી મર્સિડીઝ, ઓડી, ફોર્ચ્યુનર, હેરીયર, બ્રેઝા સહિત સ્કોરપિયો સહિતની ગાડીઓ ભાડે રાખી હતી. વિવિધ કાર મુજબનું ભાડુ નક્કી થતા અલગ પ્રથમ મહિને મિલનરાજ સિંહે નક્કી થયેલુ ભાડુ ચુકવી દીધુ હતુ.ત્યારબાદ ગાડીનું ભાડા પેટે આપવાની રકમ બંધ કરી દીધી હતી.હરેશભાઈ ઉઘરાણી કરતા મિલનરાજસિંહે કોરોના મહામારીમાં ભાડાની વ્યવસ્થા થઈ ન હોવાનું કહી ગલ્લા તલ્લા કરવા લાગ્યો હતો. હરેશભાઈએ રૂ.૮૦ લાખની ગાડીઓ પરત આપવાની વાત કરતા મિલનરાજસિંહે ગાડીઓ આજદિન સુધી પરત આપી નથી. જેથી હરેશભાઈએ ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## પીટીસી અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં પ્રવેશ માટે અરજી કરવાની મુદત લંબાવાઈ

ગાંધીનગર, તા. ૧૮

રાજ્યમાં ચાલતા પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમા (D.El.Ed) (પી.ટી.સી) અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં પ્રવેશ માટે અરજી કરવાની તા. ૨૭-૮-૨૦૨૧ સુધી લંબાવાઈ છે તેમ પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની યાદીમાં જણાવ્યું છે.

# ચિલોડા કેશવ હોટલ પાસે અજાણ્યા વાહનની અડફેટે બાઈક ચાલક વૃધ્ધનું મૃત્યુ

ગાંધીનગર,તા.૧૮

ચિલોડા-દહેગામ માર્ગ પર કેશવ હોટલ પાસે ગતરોજ રાત્રીના સમયે અજાણ્યા વાહનની અડફેટે બાઈક ચાલક વૃધ્ધ નીચે પટકાતા ગંભીર ઈજાઓ પહોંચતા ઘટના સ્થળે જ મૃત્યુ નિપજયું હતું. બનાવ અંગે ચિલોડા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ દહેગામના હાથીજણ ખાતે રહેતા ધવલ રમેશભાઈ વાઘેલા ગતરોજ સાંજે ઘર તરફ જઈ રહ્યા હતા તે સમયે માર્ગમાં મળેલા મિત્રએ જાણ કરી હતી કે ચિલોડા પાસે કેશવ હોટલ નજીક તેમના પિતા રમેશભાઈનો અકસ્માત થયો છે. આ વાક્ય સાંભળી ધવલભાઈએ પોતાના પિતાને વારંવાર કોલ કરતા કોઈ રીપ્લાય આવ્યો ન હતો. જેથી ધવલભાઈ તેમના જીજાજી અને ભાઈ ત્રણેય જણા અકસ્માત સ્થળે દોડી ગયા હતા. તે સમયે હાજર નાગરીકો પાસેથી જાણવા મળ્યું હતું કે અજાણ્યા વાહનની ટક્કરે બાઈક લઈને પસાર થઈ રહેલા રમેશભાઈનું મૃત્યુ નિપજયું હતું. ઘરેથી રમેશભાઈ લેકાવાડા ખાતે એરફોર્સ સ્ટેશન ખાતે ચોકીદાર તરીકે નોકરી કરતા હતા. ગતરોજ પણ નોકરી જવા માટે બાઈક લઈને નીકળ્યા હતા. ત્યારે માર્ગમાં અજાણ્યા વાહનની અડફેટે રમેશભાઈનું ગંભીર ઈજાને પગલે ઘટના સ્થળે જ મૃત્યું નિપજયું હતું. બનાવ અંગે ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

**ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા**

વર્ષ - ૨૦૨૦-૨૧

**ગાંધીનગર મહાનગરપાલિકા**

બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઈ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

| ટેન્ડર નંબર | કામનું નામ | ટેન્ડર ફી | ઈ.એમ.ડી. |
|---|---|---|---|
| ૧૫/૨૦૨૧-૨૨ | Development of Bhat Koteshwar Road under Gandhinagar Municipal Corporation Area. | રૂ. ૩૬૦૦/- | રૂ. ૧,૫૬,૮૭૯/- |

ટેન્ડર ફોર્મ તા. ૧૯/૮/૨૦૨૧ થી તા. ૮/૯/૨૦૨૧ સુધી સમય ૧૭.૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ www.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે. ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના તમામ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે. ટેકનીકલ બીડ અને ટેન્ડર ફીની રકમ તથા ઈ.એમ.ડી.ના ડીમાન્ડ ડ્રાફ્ટ નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રીના નામે તા. ૯/૯/૨૦૧ થી ૧૫/૯/૨૦૨૧ સમય ૧૭:૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મોકલવાના રહેશે. તે પ્રમાણે જે ઓફરો મળેલ હશે તે જ ખોલવામાં આવશે.
ઓનલાઈન ઓપનીંગ તા. ૧૬/૯/૨૦૨૧ કરવામાં આવશે.

સહી/-
મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર

માહિતી/૮૭૪/૨૧-૨૨

**નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

**જાહેર નિવિદા નં- ૦૩ વર્ષ ૨૦૨૧-૨૦૨૨**

ગુજરાત રાજયના રાજયપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેરશ્રી, કાંસ વિભાગ, સ્ટેટ વોટર ડેટા સેન્ટર બિલ્ડીંગ, સેકટર-૮, ગાંધીનગર-૩૮૨૦૦૮ (ફોન નં. ૦૭૯-૨૩૨૪૮૦૦૬) ની કચેરી દ્વારા ગુજરાત રાજયના માર્ગ અને મકાન વિભાગ તેમજ નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા માન્ય ઈજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ભાવો માંગવામાં આવે છે.

| કામનું નામ | અંદાજીત રકમ | ૧) બાનાની રકમ<br>૨) ટેન્ડર ફી રૂ.<br>૩) સમયમર્યાદા<br>૪) રજીસ્ટ્રેશન |
|---|---|---|
| 1. Operation, Maintenance and Repair of Civil, Electric, Mechanical & Instrumentation works, Civil Structure, M.S. Pipe Line Including proper Supplu of Water to all required outlet under the Project for Karannagar ro Sujalam Spreading Canal near Dhadhusan Pipeline including Karannagar Pumping Station and H.R. of N.M.C. and Barrel at Ch. 264.220 Km and Distribution Network For 1 (One) Year. | રૂ. ૪૮,૯૨,૯૦૦/- | ૧) રૂ. ૪૮,૯૩૦<br>૨) રૂ. ૧૫૦૦/-<br>૩) ૧ વર્ષ<br>૪) 'ઈ-૧' અને ઉપરની શ્રેણી |

(૧) ટેન્ડર ના દસ્તાવેજો વેબસાઈટ www.nwr.nprocure.com ઉપર થી તા.૧૯-૦૮-૨૦૨૧ થી તા.૦૮-૦૯-૨૦૨૧ સમય ૧૮.૦૦ કલાક સુધી ડાઉનલોડ/ અપલોડ કરી શકાશે.
(૨) ઓ એન્ડ એમના કામની પ્રી-બીડ મિટિંગ તા.૨૦/૦૮/૨૦૨૧ ના રોજ "અધિક્ષક ઈજનેરશ્રીની કચેરી, સુજલામ સુફલામ વર્તુળ-૧, સ્ટેટ વોટર ડેટા સેન્ટર બિલ્ડીંગ, સેકટર-૮, ગાંધીનગર" ખાતે બપોરના ૧૨:૩૦ કલાકે રાખેલ છે.
(૩) ટેન્ડર ડોકયુમેન્ટ ટેન્ડર ફી, સોલવંશી ઓછામાં ઓછી ટેન્ડર રકમના ૨૦% કેલેન્ડર વર્ષ-૨૦૨૧ ની અને ઇ.એમ.ડી. (ટેન્ડર અપલોડ કરવાની છેલ્લી તારીખથી ઓછામાં ઓછી ૧૮૦ દિવસ મુદતની કાર્યપાલક ઈજનેર,કાંસ વિભાગ,ગાંધીનગરના નામની અવશ્ય જોડવી) રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટ / કુરીયરથી તા.૦૯-૦૯-૨૦૨૧ થી તા.૧૬-૦૯-૨૦૨૧ સમય ૧૬.૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે.
(૪) પ્રાયમરી બીડ ઓપનીંગ તા.૧૭/૦૯/૨૦૨૧ ના રોજ ૧૨.૦૦ કલાકે અને પ્રાઈસબીડ ઓપનીંગ તા.૧૭-૦૯-૨૦૨૧, ના રોજ ૧૨.૩૦ કલાકે ખોલવામાં આવશે. (જો શક્ય હશે તો) (ફક્ત ક્વોલીફાય થયેલ બીડરો માટે).
વધુ માહિતી વેબ સાઈટ www.nwr.nprocure.com પરથી મેળવી શકાશે.

**કવર પર કામનું નામ તથા ટેન્ડર આઈ.ડી, અવશ્ય લખવાનો રહેશે.**

માહિતી/૮૮૦/૨૧-૨૨

**ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.**

મધુર ડેરી, ઈલેક્ટ્રોનીક એસ્ટેટ,
સેક્ટર-૨૫, 'ક' રોડ, ગાંધીનગર - ૩૮૨૦૨૩
ફોન નં. : ૨૩૨૮૭૧૩૪ થી ૩૮

**કર્મચારીઓ માટેના યુનિફોર્મ ક્લોથ - શૂટીંગ્સ અને શર્ટીંગ્સ ક્લોથ તથા ડ્રેસ મટીરીયલ્સ સપ્લાય કરવા માટેની ટેન્ડર નોટીસ**

ગાંધીનગર દૂધ સંઘ (મધુર ડેરી) ગાંધીનગર ખાતે કર્મચારીઓ માટેના ફક્ત રેમન્ડ કંપનીના યુનિફોર્મ માટે (પેન્ટનું કાપડ) - શૂટીંગ્સ ક્લોથ અંદાજીત - ૧૨૫૦ મીટર અને (શર્ટનું કાપડ) શર્ટીંગ્સ ક્લોથ અંદાજીત - ૨૫૨૦ મીટર તથા પાયજામાનું કાપડ આશરે ૨૧૦ મીટર મટીરીયલ્સ ૩ મીટર લાંબા દુપટ્ટા આશરે-૭૦ નંગ સાથે રેમન્ડ કંપનીના ઓથોરાઈઝ્ડ ડીલર / સબડીલરોને ટેન્ડર ભાવ ભરવા માટે જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખથી તા. ૨૫/૮/૨૦૨૧ના બપોરના ૩-૦૦ કલાક સુધીમાં ટેન્ડર ફોર્મ ફી રૂ. ૧,૦૦૦/- (નોન રીફંડેબલ) રોકડા હિસાબી શાખામાં ભરીને ટેન્ડર ફોર્મ રૂબરૂ મેળવી લેવાના રહેશે. અને ભરેલ ટેન્ડર ભાવ ટેન્ડર ડીપોઝીટ રૂ. ૪૦,૦૦૦/- (રીફંડેબલ)નો ડી.ડી. ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.ના નામનો બીડીને સીલબંધ કવરમાં મીલની બનાવટ અને ઓથોરાઈઝ્ડ સપ્લાયર સર્ટીફિકેટ અને ૧૨૧ મીટરના કાપડના ટુકડા સાથે તા. ૨૫/૮/૨૦૨૧ બપોરના ૪-૦૦ કલાક સુધીમાં ઉપરોક્ત સરનામે રૂબરૂ પહોંચાડવાના રહેશે.
ઉપરોક્ત ભાવ કે ઓફર સ્વીકારવા કે નહિ સ્વીકારવા તે અંગેના સંઘના મેનેજીંગ ડીરેક્ટરશ્રીનો અબાધિત અધિકાર રહેશે.

સહી/-
મેનેજીંગ ડીરેક્ટર

**જાહેર નિવિદા નં. ૦૬**

સને ૨૦૨૧-૨૦૨૨

**(માર્ગ અને મકાન વિભાગ(વિદ્યુત)**

ગુજરાત સરકાર

**(વિજળીકરણ કામના ઠેકેદારો માટે)**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં.૨૨, પાટનગર યોજના ભવન, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬,ફોન નં. ૦૭૯-૨૩૨-૫૯૫૧૬, દ્વારા વિજળીકરણને લગતા ૯ કામ જેની અંદાજીત કિમત રૂ, ૮૭૦૦૧.૪૦ થી રૂ. ૯૯,૯૧૯.૮૧છે. આ કામ માટે યોગ્ય શ્રેણીમાં નોધાયેલા વિદ્યુત કામના ઠેકેદારશ્રીઓં પાસેથી ટેન્ડરો માંગવામાં આવે છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૨૪-૦૮-૨૦૨૧ બપોરે ૪.૦૦ વાગ્યા સુધી છે. રજીસ્ટર પોસ્ટ એડી/ સ્પીડપોસ્ટ થીટેન્ડર પરત મેળવવાની તા. ૦૧-૦૯-૨૦૨૧ છે. આ કામની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોકત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારે રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

માહિતી/૮૮૫/૨૧-૨૨